BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

**પરિપત્ર:**

**વિષય: "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ (NSS Day)-2023" ની ઉજવણી બાબત.**

**સંદર્ભ: ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંક રસય/યુનિ./NSS DAY 2023/114773-844, તા.૦૬/૦૯/૨૦૨૩.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સને જણાવવાનું કે ચાલુ વર્ષે આગામી તા.૨૨/૦૯/૨૦૨૩ થી ૨૪/૦૯/૨૦૨૩ ના રોજ "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"ની ઉજવણીનું આયોજન સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદના યજમાનપદે કરવામાં આવનાર હોય આપની કોલેજમાં કાર્યરત એન.એસ.એસ. યુનિટમાંથી અંતર્ગત કોલેજમાંથી વિવિધ સ્પર્ધાઓમાં અગ્રસ્થાને આવેલ સ્વયંસેવકોના નામ આ સાથે સામેલ ફોર્મેટ મુજબ EXCEL Sheet માં ભરી **તા.૧૪/૦૯/૨૦૨૩** ના રોજ **બપોરે ૦૧:૦૦** વાગ્યા સુધીમાં અત્રેની યુનિવર્સિટીનાં એન.એસ.એસ. વિભાગને nss@bknmu.edu.in પર ઈ-મેલ દ્વારા અનિવાર્યપણે મોકલી આપવા જણાવવામાં આવે છે. સ્વયંસેવકોને આ કાર્યક્રમમાં મોકલવાનો આખરી નિર્ણય ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી કક્ષાએથી લેવામાં આવશે. આ ઉજવણી સમારોહ દરમ્યાન જુદા-જુદા સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે તેની વિગતો આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્રમાં દર્શાવેલ છે. જેમાં દરેક સ્પર્ધામાં શ્રેષ્ઠ વિજેતાઓને ક્રમ ૧ થી ૩ આપવામાં આવશે. જેઓને સન્માનિત કરવામાં આવશે. વિવિધ સ્પર્ધાઓ માટે સમય, સ્થળ તથા જરૂરી સૂચનાઓ સ્થળ ઉપર આપવામાં આવશે. આ ઉજવણી માટે આવવા-જવાનો પ્રવાસ ખર્ચ નિયમાનુસાર એન.એસ.એસ.ની નિયમિત પ્રવૃત્તિ માટે આપને સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે. કાર્યક્રમ માટે પસંદ કરાયેલા સ્વયંસેવકોએ પોતાના બેનર, લાકડી, બેઇઝ, સ્કાર્ફ અને ગણવેશ સાથે જવાનુ રહેશે. ગણવેશમાં ભાઇઓએ સફેદ શર્ટ, પેન્ટ, સ્કાર્ફ, બેઇઝ, કેપ તેમજ બહેનોએ સફેદ સલવાર, કમિઝ, બ્લેક દુપટ્ટો, સ્કાર્ફ, બેઇઝ અને કેપનો ઉપયોગ કરવો. ઉક્ત વિષયે સ્પર્ધાઓની યાદી તેમજ અન્ય વિગતો આપ આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્રમાં જોઇ શક્શો.

પ્રો. કો-ઓર્ડીનેટરશ્રી
એન.એસ.એસ. વિભાગ
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
જુનાગઢ

**બિડાણ:-**

- સંદર્ભદર્શિત પત્રની નકલ
- EXCEL Sheet Format

ક્રમાંક/બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૨૭/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૧૧/૦૯/૨૦૨૩

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ...

**નકલ સાદર રવાના:-**

- માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ અર્થે:-**

- રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. સેલ, અમદાવાદ/ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

- આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

| સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદ<br>રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી- ૨૦૨૩ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **NAME OF PROGRAM OFFICER:** | | | | | | | |
| **PROGRAM OFFICER E-MAIL:** | | | | | | **PO MOBILE NO.:** | |
| **No.** | **College Name** | **Volunteers Name** | **Class** | **DOB** | **Gender** | **Volunteers Mobile No.** | **Compitition Name** |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
એન.એસ.એસ. શાખા, બ્લોક નં.૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

ક્ર:રસય/યુનિ./NSS DAY 2023/114773-844 તા.૦૫/૦૯/૨૦૨૩

પ્રતિ,

પોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રી,
તમામ એન.એસ.એસ. સંલગ્ન યુનિવર્સિટીઓ

**વિષય:- રાષ્ટ્રીય સેવા યોજના દિવસની ઉજવણી-૨૦૨૩ (તા.૨૨ થી ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩)**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વર્ષ ૧૯૬૯મા મહાત્મા ગાંધી જન્મ શતાબ્દી વરસે ગાંધીજીને પ્રિય એવા યુવાનોને રાષ્ટ્રીય સેવામાં જોડાવાના હેતુસર "રાષ્ટ્રીય સેવા યોજના"ની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના સપ્ટેમ્બર ૧૯૬૯ના રોજ શરૂ કરવામાં આવી હોય દર વરસે ૨૪ મી સપ્ટેમ્બરનો દિવસ "રાષ્ટ્રીય સેવા યોજના દિન" તરીકે ઉજવાય છે.

ચાલુ વરસે આગામી તારીખ ૨૨ થી ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધી "રાષ્ટ્રીય સેવા યોજના દિવસ"ની ઉજવણી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદના યજમાનપદે ઉજવવાની મંજુરી આપવામાં આવેલ છે. જે માટે નીચેની વિગતો ધ્યાને લેવા વિનંતી છે.

**તારીખ : ૨૨ થી ૨૪ સપ્ટેમ્બર ,૨૦૨૩**
**કાર્યક્રમનું સ્થળ :- સરદાર પટેલ યુનિવર્સિટી, જ્ઞાનોદય ભવન,વલ્લભ વિદ્યાનગર, આણંદ**

1. એન. એસ. એસ. ડે ની સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે યુનિવર્સિટીઓએ પોતાની કક્ષાએ નીચે જણાવેલ સ્પર્ધાઓ યોજી વિજેતાઓના નામ પસંદ કરી તા.૧૫/૦૯/૨૦૨૩ સુધીમાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરને parmarjagruti11@gmail.com પર તથા અત્રેની કચેરીને ઇ-મેઇલ મારફતે બિનચૂક **મોકલી આપવાના રહેશે.**
2. જે યુનિવિસટીઓની 5000 કરતાં વધારે સ્વયંસેવકની સંખ્યા ધરાવતી હોય તે યુનિવર્સિટીઓએ ગરબા સિવાયની સ્પર્ધાઓ માટે પ્રથમ 01 થી 03 વિજેતાઓના નામ અને બાકીની યુનિવર્સિટીઓએ પ્રથમ ક્રમે વિજેતાનાં નામની યાદી મોકલી આપવાની રહેશે અને ગરબા માટે દરેક યુનિવર્સિટી એ 10 સ્વયંસેવકોની યાદી મોકલી આપવાની રહેશે.
3. એન.એસ.એસ. ડે ની ઉજવણીમાં નીચે મુજબની સ્પર્ધાઓ યોજાનાર છે તે મુજબ સ્પર્ધા પ્રમાણે સ્વયંસેવકોની તથા યુનિવર્સિટીના એક નોડલ (પ્રોગ્રામ ઓફિસર)ની યાદી મોકલવાની રહેશે.

**:: સ્પર્ધાઓની યાદી ::**

| | | | |
|---|---|---|---|
| ૧ | નિબંધ સ્પર્ધા | વિષય:- | ૧. આત્મ નિર્ભર ભારત<br>૨. "આઝાદી નો અમૃત કાળ" - યુવાનોની ભૂમિકા<br>૩. સાયબર સિક્યુરીટી -એક નવો પડકાર<br>૪. ઉદ્યોગ સાહસિકતા દ્વારા રાષ્ટ્ર વિકાસ<br>૫. ભાર વગરનું ભણતર અને સ્ત્રી શિક્ષણ<br>૬. ભારતની વિવિધતામાં એકતા |
| | | નિયમો:- | ૧. સ્પર્ધાનો સમય એક કલાકનો રહેશે.<br>૨. નિબંધ સ્પર્ધાના સ્થળ પર લખવાનો રહેશે.<br>૩. લેખન સામગ્રી સ્પર્ધકોએ લાવવાની રહેશે. |
| ૨ | વકતૃત્વ સ્પર્ધા | વિષય:- | ૧. પ્રાકૃતિક ખેતી |

| | | | |
|---|---|---|---|
| | | | ૨. વૉકલ ફોર લોકલ<br>૩. જળ વાયુ પરિવર્તન અને આપત્તિ વ્યવસ્થાપન<br>૪. "વસુધૈવ કુટુંબકમ" (G-20 પ્રેસિડેન્સી)<br>૫. પ્રજાતંત્ર અને પ્રશાસનમાં યુવાનોની ભૂમિકા<br>૬. નવી શિક્ષણ નીતિ અંગે અભિપ્રાય |
| | | નિયમો:- | ૧. સ્પર્ધાનો સમય સાત મિનીટનો રહેશે.પાં ચ મિનીટ પછી વોર્નીંગ બેલ વાગશે.<br>૨. ગુજરાતી અને હિન્દી ભાષામાં વકતવ્ય આપી શકાશે. |
| ૩ | શીઘ્ર કાવ્ય સ્પર્ધા | નિયમો:- | કાવ્યનો વિષય સ્થળ પર આપવામાં આવશે. જે ધ્યાને લઈ કાવ્યની રચના કરવાની રહેશે. |
| ૪ | ઈન્સ્ટ્રુમેન્ટ(વાજીંત્ર) મ્યુજીકસ્પર્ધા (વાધ્યસંગીત હરીફાઈ) | નિયમો:- | ૧. સ્પર્ધાનો સમય ચાર મિનીટનો રહેશે.<br>૨. વાજીંત્રોની વ્યવસ્થા દરેક ટીમે પોતાની રીતે કરવાની રહેશે. |
| ૫ | ગરબા હરીફાઇ (અર્વાચીન/પ્રાચીન/રાસ) | નિયમો:- | ૧. વધુમાં વધુ ૦૫ મિનીટનો સમય રહેશે.<br>૨. ગરબાની CD, પેન ડ્રાઇવ સાથે લઈને આવવું. |
| ૬ | એક પાત્રિય અભિનય | નિયમો:- | ૧. સ્પર્ધાનો સમય વધુમાં વધુ પાંચ મિનીટનો રહેશે.<br>૨. ટેપ રેકોર્ડરનો ઉપયોગ થઈ શકશે નહી.<br>૩. સ્ટેજ અસ્વછ થાય તેવી વસ્તુઓનો ઉપયોગ કરવો નહી |
| ૭ | રંગોલી સ્પર્ધા (થિમ આધારિત રંગોળી નિદર્શન રજૂ કરવાનું રહેશે.) | નિયમો:- | જરૂરી મટીરીયલ સાથે લઈને આવવાનું રહેશે. |
| ૦૮ | શીઘ્ર સંસ્કૃત શ્લોક સ્પર્ધા | | શીઘ્ર સંસ્કૃત શ્લોકનું પઠન કરવાનું રહેશે.. |

❖ **એન. એસ. એસ. ડે ઉજવણી કાર્યક્રમની અને સ્પર્ધાઓની વિગત નીચે મુજબ છે:**

| ક્રમ | તારીખ | સ્પર્ધા |
|---|---|---|
| 01 | 22/09/2023 | નિબંધ સ્પર્ધા |
| 02 | 22/09/2023 | વકતૃત્વ સ્પર્ધા |
| 03 | 22/09/2023 | શીઘ્ર કાવ્ય સ્પર્ધા |
| 04 | 22/09/2023 | એક પાત્રીય અભિનય |
| 05 | 23/09/2023 | ગરબા હરીફાઈ |
| 06 | 23/09/2023 | રંગોળી સ્પર્ધા |
| 07 | 23/09/2023 | ઈન્સ્ટ્રુમેન્ટ(વાજીંત્ર) મ્યુજીક |
| 08 | 23/09/2023 | શીઘ્ર સંસ્કૃત શ્લોક સ્પર્ધા |

4. એન. એસ. એસ. ડે ઉજવણી સમારોહ દરમ્યાન ઉપર મુજબની સ્પર્ધાત્મક કાર્યક્રમો યોજવામાં આવશે. **નિબંધ સ્પર્ધા તથા વકતૃત્વ સ્પર્ધાના વિષયો તથા નિયમો ઉપર મુજબના જ રહેશે**. દરેક સ્પર્ધામાં શ્રેષ્ઠ વિજેતાઓને ક્રમ ૧ થી ૩ આપવામાં આવશે.
5. એન. એસ. એસ ડે ની ઉજવણીમાં ઉપરોકત સ્પર્ધાઓમાં દર્શાવેલ તારીખ મુજબ ભાગ લેવા આવવાનું રહેશે. ઉજવણી કાર્યક્રમમાં હાજર રહેવા માટે ઉપરોકત સ્થળે દર્શાવેલ તારીખના રોજ સવારના ૦૮:૦૦ કલાક સુધીમાં હાજર થઇ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો આગલા દિવસ આવવાનું થાય તો તેને જાણ અગાઉથી કરવાની રહેશે. જેથી રહેવા અંગે રૂમની ફાળવણી તેમજ જમવાની વ્યવસ્થા કરવામાં અનુકૂળતા રહે.
6. જે-તે દિવસે યોજાયેલ સ્પર્ધામાં વિજેતા જાહેર કરવામાં આવેલ સ્વયંસેવકોએજ તા.૨૪/૦૯/૨૦૨૩ સુધી રોકાણ કરવાનું રહેશે, બાકીના ભાગ લીધેલ સ્વયંસેવકોએ જે-તે દિવસે પરત ફરવાનું રહેશે.
7. એક સ્વયંસેવક કોઇપણ એક સ્પર્ધામાં જ ભાગ લઇ શકશે.

8. વિવિધ સ્પર્ધાઓ માટે સમય, સ્થળ, વિષયવસ્તુ તથા જરૂરી સૂચનાઓ સ્થળ ઉપર યુનિવર્સિટીના નોડલ (પ્રોગ્રામ ઓફિસર)ને આપવામાં આવશે. કયા સ્વયંસેવકો કઇ કઇ સ્પર્ધામાં ભાગ લેશે તેની પુરી વિગત અચુક પણે જણાવવી જેથી આયોજનમાં સરળતા રહે. દરેક સ્પર્ધામાં ટીમ દીઠ એક એક એન્ટ્રી જ સ્વીકારવામાં આવશે.
9. આ ઉજવણી માટે આવવા/જવાનો પ્રવાસ ખર્ચ એન.એસ.એસ.ની નિયમિત પ્રવૃત્તિ માટે આપને સરકારશ્રી તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.
10. ભાગ લેનાર સંસ્થાએ પોતાનો બેનર,લાકડી,બેઇઝ,સ્કાર્ફ અને ગણવેશ સાથે આવવાનું રહેશે.

ભાઈઓ:- ગણવેશ:- સફેદ શર્ટ, પેન્ટ, સ્કાર્ફ, બેઇઝ, કેપ

બહેનો:- ગણવેશ:- સફેદ સલવાર, કમીઝ, બ્લેક દુપટ્ટો, સ્કાર્ફ, બેઇઝ, કેપ.

**ખાસ નોંધ:-**

- તમામ સ્પર્ધા માટે નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે. તેમાં કોઇ વિવાદ કરી શકાશે નહી.
- દરેક વિદ્યાર્થીઓએ શિસ્તનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- તા. ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ બપોરના ૨.૩૦ વાગ્યાબાદ સ્વયંસેવકો વિદાય લઇ શકશે.
- સ્પર્ધા અંગેના વિગતવાર નિયમો સ્પર્ધાના સમયે જાહેર કરવામાં આવશે.

**સંપર્ક સુત્ર:-**

- ડો જાગૃતિ સુવેરા, પોગ્રામ કૉ.ઓર્ડિનેટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (ફોન નંબર કાર્યાલય (૦૨૬૯૨) ૨૨૬૮૨૩, મોબાઇલ નં.૯૪૦૮૫ ૦૭૮૧૦) parmarjagruti11@gmail.com
- શ્રી વિપુલ રાઠવા, મો.નં. ૯૭૧૪૪૭૪૪૫૧

રાજય એન.એસ.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ:**

- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદ
- ડો. જાગૃતિ સુવેરા, પોગ્રામ કૉ.ઓર્ડિનેટરશ્રી,સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર
- રીજીઓનલ ડાયરેકટરશ્રી, રીજીઓનલ ડાયરેકટર ઓફ એનએસએસ, અમદાવાદ

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, બ્લોક નં.૫, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર